**સંઘ પ્રદેશ દાદરા & નગરહવેલી અને દમણ-દીવ,**
**સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,**
**દીવ**

---

સં. એએસએ ફડી/24/મત્સ્ય-/2021-22/2482 તારીખ :- 18/02/2022

# સાર્વજનિક સૂચના

આથી દીવ જીલ્લા ના દરેક ફિશરીઝ કો-ઓપરેટીવ સોસાયટી તેમજ ફિશેરમેન એસોશિયેશનનો તથા બોટ માલિકોને જણાવવામાં આવે છે કે દીવ જીલ્લા ની દરેક મેકેનાઇઝ ફિશિંગ બોટો અને IBM ગીલનેટર બોટ માં સવાર ટંડેલ અને ખલાસીઓ નું સમય-સમય પર અકસ્માત ની ઘટના બનતી હોય તેના અનુસંધાનમાં પ્રશાસન દ્વારા ફિશિંગ બોટમાં સવાર ટંડેલ અને ખલાસીઓ ની સુરક્ષા અને સલામતી (Safety & Security) તેમજ ફિશિંગ બોટો ની ગતિવિધિ ના નિરીક્ષણ હેતુ દીવ જીલ્લા ની દરેક મેકેનાઇઝ ફિશિંગ બોટ અને IBM ગીલનેટર બોટ માં **સીસીટીવી કમેરા (CCTV Camera)** લગાવવાના રહેશે. તદઉપરાંત દરેક ફિશિંગ બોટ નો ભીનો કે ચૂકો કચરો ફિશિંગ દરમ્યાન દરિયામાં, પાણીમાં કે જેટી પર નાખવાનો નથી તેના માટે પોતાની ફિશિંગ બોટમાં **બ્લૂ ડસ્ટબીન અને ગ્રીન ડસ્ટબીન** ફરજીયાત રાખવાના રહેશે (બ્લૂ ડસ્ટબીનમાં ચૂકો કચરો જેમકે પ્લાસ્ટિક આઇટમ, દોરી, નેટ, થરમૉકૉલ, ખરાબ કપડાં, વગેરે તેમજ ગ્રીન ડસ્ટબીનમાં ભીનો કચરો જેમકે બચેલ જમવાનું, શાકભાજી, મચ્છી નો વેસ્ટ, વગેરે) તે કચરો તમારી બોટ ફિશિંગ થી આવે અથવા બંદર પર રહેલી હશે ત્યાં પંચાયત/નગર પાલિકા ની ગાડી લેવા માટે આવશે તેમાં નાખવાનો રહેશે અથવા જેટી ઉપર રાખેલ ગ્રીન અને બ્લૂ ડસ્ટબીન માં નાખવાનો રહેશે.

ઉપરોક્ત સૂચના સીસીટીવી કમેરા (CCTV Camera) તેમજ બ્લૂ ડસ્ટબીન અને ગ્રીન ડસ્ટબીન પોતાની બોટમાં 7 દિવસ ની અંદર લગાવવાનું રહેશે તેની દરેક બોટ માલિકો તેમજ દીવ જિલ્લાની ફિશરીઝ કો-ઓપરેટીવ સોસાયટી, ફિશેરમેન એસોશિયેશનો ને જાણ કરવામાં આવે છે.

વિવેક કુમાર
(ડૉ. વિવેક કુમાર)
અપર જીલ્લા મેજીસ્ટ્રેટ અને ભારતીય
મત્સ્ય બોટો ના રજીસ્ટ્રાર, દીવ

ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,
1. પ્રમુખશ્રી, મત્સ્ય કો.ઓ.સોસાયટી, વણાકબારા/સાઉદવાડી/ઘોઘલા/દીવ } જાણકારી તથા વધુમાં વધુ
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા } પ્રચાર- પ્રસાર માટે
3. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા/ સાઉદવાડી/ઘોઘલા/દીવ}

પ્રતિલિપિ પ્રેષિત:-
1. માનનીય સચિવ (મત્સ્યોધ્યોગ), સચિવાલય, દમણ } ………… જાણકારી માટે
2. માનનીય કલેક્ટર સાહેબા, કલેકટર કચેરી, દીવ }